# સહભાગી રીતે નહેર સિંચાઇ યોજનાના વ્યવસ્થાપન વડે વિકાસમાં સહભાગી બનતા ખેડૂતો

હસમુખ ડી.પટેલ
પી.એચ.ડી – સ્કોલર,
ગ્રામ વ્યવસ્થાપન કેન્દ્ર, રાંધેજા
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

માર્ગદર્શક : ડૉ.લોકેશ જૈન
એસોસીયેટ પ્રોફેસર,
ગ્રામ વ્યવસ્થાપન કેન્દ્ર, રાંધેજા
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

## ૧. યોજના વિષે

દક્ષિણ ગુજરાતમાં સુરત જિલ્લાના માંડવી તાલુકામાં આમલી ગામમાં તાપી નદીની પ્રશાખા વેર નદી ઉપર વેર -૨ યોજના બનાવવામાં આવેલ છે તથા આ સિંચાઇલક્ષી યોજના છે.આ યોજનાની મુખ્ય કામગીરી ડેમ બાંધકામ અને નહેરની કામગીરી ગુજરાત સરકારના સિંચાઇ વિભાગ દવારા કરવામાં આવેલ છે. યોજના સુરત જિલ્લાના મુખ્ય મથકથી ૬૫ કિ.મી ના અંતરે આવેલ છે અને યોજનાથી ૨૮ ગામના ૩૦૦૦ હેકટરના વિસ્તારને આવરી લઇ ૫૦૦૦ ખેડૂતોને સિંચાઇ યોજના હેઠળ આવરી લેવાનું આયોજન કરવામાં આવેલ, આ યોજનાના લાભાર્થીઓમાં મુખ્યત્વે ૯૦ % આદિવાસી જ્ઞાતિના લોકો છે જેમાં મુખ્યત્વે ચૌધરી જ્ઞાતિની વસ્તી છે.

## ૨. સહભાગી સિંચાઇ વ્યવસ્થાની શરૂઆત

આ યોજનાની કામગીરી સિંચાઇ વિભાગ દવારા ૧૯૮૪ માં કામગીરી પૂર્ણ કરવામાં આવી અને ત્યારબાદ સિંચાઇની શરૂઆત કરવામાં આવી અને સિંચાઇ વિભાગ અને ખેડૂતો સાથે મળી સિંચાઇનો વહીવટ કરતા હતા.




ગુજરાત સરકારના સિંચાઇ વિભાગ દવારા સહભાગી સિંચાઇ વ્યવસ્થાના અભિગમના ભાગરૂપ આ યોજનામાં આ અભિગમની શરૂઆત કરવા માટે ખેડૂતોને તૈયાર કરવા માટે સ્વે.સંસ્થા આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત) ને ૨૦૦૭ માં આમંત્રણ આપવામાં આવ્યુ અને આ યોજનામાં ખેડૂતો, સ્વૈ.સંસ્થા અને સિંચાઇ વિભાગ દવારા આ યોજનામાં સહભાગી સિંચાઇ વ્યવસ્થાની કામગીરીની શરૂઆત

કરવામાં આવી. આ કામગીરી માટે સ્વૈ.સંસ્થા દવારા ખેડૂતો અને સિંચાઇ વિભાગનો સહયોગ લઇ પિયત મંડળીઓની રચના કરવામાં આવી જેમાં,સ્વૈ.સંસ્થા દવારા લોક સંપર્ક,ગામની મીટીગ,ફળીયા મીટીગ, આગેવાન મીટીગ, કમીટી મીટીગ, માઇનોર મીટીગ, મંત્રી મીટીગ, સાધારણ સભા, સિંચાઇ ખાતાના સ્ટાફ સાથે મીટીગ, જાગૃતિ અંગેની તાલીમો, આગેવાન, કમીટી તાલીમ,હિસાબી તાલીમ, જાગૃતિ માટે વિડીયો શો, ખેતીવાડી અંગે તાલીમ. યોજના સંચાલન માટેની તાલીમ, વોટર મેનેજમેન્ટ તાલીમ, આંતરિક તથા બાહય પ્રેરણા પ્રવાસ વિગેર પ્રકારની પ્રવૃતિઓ કરવામાં આવી અને આ યોજનામાં કુલ ૧૧ પિયત મંડળીઓની રચના કરવામાં આવી.

આ યોજના (વેર -૨ ) માં હાલ આ ૧૧ પિયત મંડળીઓમાં ૩૦૫૭ સભાસદ છે અને ૪૧૮૨ એકરમાં પિયતનું સંચાલન કરે છે. શરૂઆતમાં આ યોજનાના લાભાર્થી ખેડૂતોને આ સંચાલન અંગે મૂંઝવણ હતી કે દૂધ મંડળી ચાલી શકે પણ આ પ્રકારની પાણીની મંડળી ચાલી શકે કે કેમ? પરંતુ મળતી તાલીમ,નિયમિત યોજવામાં આવતી મીટીગ તથા ધીમે ધીમે કામગીરીના અનુભવના આધારે આત્મ વિશ્વાસ પણ વધવા લાગ્યો જેમાં ખેડૂતોની પોતાની જવાબદારી લેવાની તૈયારી તથા કામગીરીમાં રસ મુખ્ય બાબતો છે આ ઉપરાંત સ્વૈ.સંસ્થા તથા સિંચાઇ વિભાગનું મહત્વનું યોગદાન રહેલુ છે. આ મંડળીઓ દવારા હાલ પાણી વિતરણનું આયોજન કરવું,ખેડૂતો પાસેથી પાણીના પૈસા વસુલાત કરવા તથા સિંચાઇ વિભાગને પૈસા ભરવા, નહેરનું રીપેર – મરામતનું કામ કરવું મુખ્ય કામગીરી છે અને સાત વર્ષથી આ પિયત મંડળીઓ લોક ભાગીદારીથી આ કામગીરી સફળ રીતે ચલાવી રહી છે.

આ કામગીરી અંગે સ્વૈ.સંસ્યાના પ્રતિનિધિ શ્રી ઇશ્વરભાઇ ચૌધરી જણાવે છે કે આ કામગીરી પહેલાં આગળના ગામોને પાણી મળતુ હતુ પણ પાછળના ભાગમાં આવેલા ખેડૂતોને ઘણીવાર પાણી મળવાની જેને ખાત્રી ન હોય તેવો વરસાદ આધારિત પાક વાવતા, ઘણા લોકો બહાર મજૂરીએ પણ જતા, વસુલાતનું પ્રમાણ પણ ઓછું હતું.

**ફાયદા**

આ કામગીરી થવાના કારણે આ યોજનાના વિસ્તારમાં ઘણા ફાયદા થયા છે.

- ૧૧ પિયત મંડળીઓ પિયતનું વ્યવસ્થાપન કરે છે તેથી વિસ્તારમાં તેઓની ઓળખ ઉભી થઇ છે.
- આ યોજના હેઠળ આવતા ખેડૂતોને મે માસ સુધી પાણી મળી રહે છે.
- ૪૧૮૨ એકરમાં પિયતનું વ્યવસ્થાપન થઇ રહયું છે.
- ગામમાં બારેમાસ લીલો ઘાસચારો મળી રહેવાથી દૂધ ઉત્પાદન પણ વઘ્યુ છે, જેથી આવકમાં પણ વધારો થયો છે.
- ૫૦૦૦ ખેડૂતો દૂધમાંથી અને ખેતીમાંથી સારી આવક મેળવે છે.
- નિયમિત અને સમયસર પાણી મળવાથી પિયત વિસ્તાર પણ વઘેલ છે.
- નહેર મરામતના કામામોં શ્રમદાન પણ કરે છે.

- પિયત વિસ્તાર વધે તે માટે નાની સિંચાઇ યોજના પણ કરે છે જેમાં મોબાઇલ એંજિન વિ. પ્રકારની યોજનાઓ કરે છે.
- બહારથી ઘણા લોકો આ યોજનાને જોવા માટે તથા શીખવા માટે આવે છે.

ખેડૂત આગેવાન સાલૈયા પિયત મંડળીના નારસિંગભાઇ તથા કરવલી પિયત મંડળીના જીતુભાઇ જણાવે છે કે શરૂઆતની પિયત મંડળીઓની કામગીરી કેવી રહેશે તે માટે અમે થોડા મૂંઝવણમાં હતા અમે પાણી સમિતી અને તેની કાર્યવાહીથી અજાણ હતા અમે તો ફક્ત દૂધ મંડળીઓના કામગીરી જાણકાર હતા શરૂઆતની મીટીગોમાં માત્ર ૧૦ થી ૧૫ વ્યકિતઓ આવતા પણ આમ છતા સ્વૈ.સંસ્થાના કાર્યકરો નિરાશ થતા નહી મીટીગ પુર્ણ થતા જે સમય બચે તે સમયે અમને સાથે રાખી વ્યકિતગત સંપર્ક કરી સહભાગી સિંચાઇ વ્યવસ્થા અંગે માર્ગદર્શન આપતા.

શરૂઆત મદયમ વિભાગમાં અને છેવાડા વિસ્તારમાં ગામોમાં સભાસદો ૫૦ રૂ શેર ફી અને ૧ રૂપિયા દાખલ ફી નકકી કરી પિયત મંડળીઓમાં જમા કરી મંડળીઓની રચના કરવામાં આવી જેમા મંડળી કાર્યરત કરવા માટે કાર્યકારી સમિતી બનાવી,પાણી વિતરણ માટેના નિર્ણયો સમિતિ સિંચાઇ સિંચાઇ વિભાગના કર્મચારી સાથે રહી ડેમમાં પાણીના જથ્થા દયાન રાખી પાણી રોટેશન નકકી કરવામાં આવે છે,મંડળીઓની ન હતી તે સમયે રવિ સિઝનનું ઘઉના,શેરડીના પાકને ૩ પાણી મળતા અને ઘણીવાર માર્ચ મહિનામાં પુરૂ થઇ જતું હતું સહભાગી સિંચાઇ મંડળીઓની રચના બાદ સિંચાઇ વિભાગ સાથે રહી પાણી વિતરણ ,વસુલાત,વહીવટ કરવા માટે જવાબદારી મંડળીઓ લીધી જેના કારણે ૧૧ મંડળીઆ હાલ મેઇન કેનાલ,માઇનોર,ફિલ્ડ ચેનલની શ્રમદાન થી કેનાલ સફાઇ અને કેનાલ મરામત ની કામગીરી પાણી વિતરણ કરતા પહેલા કરવામાં આવે છે અને ત્યાર બાદ સિંચાઇ વિભાગ સાથે રહી પાણી રોટેશન નકકી કરવામાં આવે છે જે ડેમનું પાણી ઘણીવાર ૩ રોટેશન મળતા હતા માર્ચ માસમાં પાણી પુરૂ થતુ હતુ તે પાણી આજે મે મહિના સુધી ચાલે છે ખેડૂતો **૬** પાણી મળે છે વેર -૨ ની મંડળીઓ મારફતે ટેલ થી હેડ પાણી વિતરણ નકકી કરવામાં આવે છે પાણી વિતરણની જવાબદારી મંડળીઓની છે મંડળીઓમાં પાણી વિતરણના દિવસો નકકી કરવામાં આવે છે. મંડળીમાં પાણી પુર્ણ થાય કે તરત બીજાને જાણ કરે છે એમ વારા પ્રમાણે મંડળીઓ પાણી વિતરણ કરે છે ખેડૂતોને મંડળીના પાણી વિતરણ ઓપરેટર જાણકારી આપે છે. ખેડૂતોને વારા પ્રમાણે પાણી આપે છે પાણી વાળવાની જાણકારી ઓપરેટર અને મંત્રી શ્રી ખેડૂતોને ફોન મારફતે જાણ કરે છે પાણી નો બગાડ અટકાવે છે પાણી વિતરણ,વસુલાત,વહીવટ માટે દર મહિને સિંચાઇ વિભાગ સાથે ફરતી સંકલન મીટીગ કરે છે જેના કારણે આજે મંડળીઓમાં ખેડૂતોને પાણી **૬**-મે સુધી મળે છે, સાલૈયા પિયત મંડળીના પ્રમુખશ્રી નારસિંગ ભાઇ જણાવે છે કે અમારા ગામામાં ૧૧૦૦ ચેનેજ પર બકનળી મારફતે ૫ એકર પિયત થતું હતુ મડળી બની કે મંડળી મારફતે જે સબમાઇનોર પુરાણ થઇ ગયેલ સ્વૈ.સંસ્થા દવારા આપવામાં આવેલ સમજણ થી ખેડૂતોએ આ કેનાલની સામૂહિક શ્રમદાન કરી સફાઇની કામગીરી કરી જેના કારણે ૧૫ વર્ષ થી જે ખેડૂતોને પાણી મળતુ ન હતુ તે મળતુ થયુ. આ સબમાઇનોર પર અંદાજિત ૧૦૦ એકર નવો પિયતનો વિસ્તાર વધ્યો અને **૫૬** ખેડૂતોને પાણી

મળવાનું ચાલુ થયું તથા ૨૫ ખેડૂતો ખાડીમાથી ડીઝલ એજીન વડે પાણી લેતા હતા તે આ કેનાલ પુન:ઉદ્દઘારના કામ થવાથી બંઘ યયો અને એમનો ડીઝલ ખર્ચ બંઘ થયો. સાલૈયા ગામના વડીલ શ્રી મગન કાકા અને માનસિંગભાઇ કહે છે કે અમારા વાડી, મોરા ફળિયા સાલૈયામાં પાણી આવતું ન હતું હાલ ઘણા વર્ષો બાદ સહભાગી સિંચાઇ વ્યવસ્થાની ખેડુતોમાં સમજણ ઉભી કરી જેથી ઘણા વર્ષો અમારા ફળિયા સુઘી પાણી આવતું થયું અને તે આ કામગીરીના કારણે અને સમજણથી થયુ .બિન ઉપજાઉ જમીન ઉપજાવ થઇ.કરવલી પિયત મંડળીના મંત્રી શ્રી જતુભાઇ કહે છે કે અમારા ગામમાં મંડળી ન હતી ત્યારે **૬૨** હેકટર પિયત થતું હતુ અને **૯૭** ખેડૂતો લાભ લેતા હતા આજે અંદાજિત ૧૨૫ હેકટર માં પિયત થાય છે **૩૩૪** ખેડૂતોને પિયતનો લાભ મળે છે આજે ગામમાંથી કોઇ પણ ખેડુત બહાર કામે જતા નથી ગામમાં જ કામ મળી રહે છે પિયત ના કારણે મજુર વર્ગને ગામમાં ૧૦૦ થી ૧૫૦ રૂપિયા રોજ મળે પિયત મંડળીના કારણે દુઘ મડળી દુઘની આવક વઘી છે.મંડળીમાં પાણી વિતરણ વારાબંઘી અને ખેડૂતો પાણી કયારે મળશે તે ફોન પર સંદેશો આપી ખેડૂતોને સમયસર પાણી આપે છે વસુલાત સમયસર ખેડૂતો મંત્રીના ઘેરે જઇને ભરે છે આ મંડળીના સભાસદો મંડળીને **"પાણીની બેન્ક માને"** છે આ મંડળીમાં ૧૨ ટ્રેકટર,૬૦ વ્હીકલ છે પાણી વિતરણની જાણકારી માટે ખેડૂતોમાં ૯૦ % મોબાઇલ ઘારક છે આ મંડળી સુદર રીતે સારો વહીવટ કરી આજે નમુના રૂપ બીજી મંડળીને ઉદાહરણ પુરૂ પાડે પ્રેરણા રૂપ દિશાસૂચક છે આ કમાન્ડ વિસ્તારમાં ખેડૂતો શેરડી,ઘાસચારા,શાકભાજી,મગફળી વિ.પાકો માથી સારી રીતે આવક મેળવે છે.

અત્યારે હાલ વેર યોજનાની પિયત મંડળીઓ ......

સહભાગી સિંચાઇ વ્યવસ્થાના નુતન અભિગમની જાણકારી થી આજે ૨૮ ગામોમાં ૩૦૫૭ સભાસદો બની ૧૧ મંડળીઓ પાણી વિતરણ,વસુલાત મરામતના કામો કરી દરેક લાભાર્થી ખેડતોને સમયસર પાણી આપે છે. કમાન્ડ વિસ્તારમાં પિયતનો વઘારો થયેલ છે. ૪૧૮૨ એકરમાં પિયત કરવામાં આવેલ છે મંડળીઓના વહીવટ માટે નિયમો બનાવેલ છે

મંડળીઓ હાલ ........

(૧) માસિક મીટીગ કરવી
(૨) હિસાબી વાચન કરી ઠરાવ કરવા
(૩) વારા પ્રમાણે પાણી લેવુ.
(૪) વસુલાત પાણી લેતા પહેલા કરવી તેમ નહોય તો પાણી લીઘા બાદ તરત કરવી
(૫) પાણી બગાડને દંડ કરવો
(૬) જરનલ સભા દર વર્ષ કરવી
(૭) પાણી વહેંચણી સમાન લાભ સારા
(૮) માઇનોર મુજબ આગેવાનો નકકી કરે છે મંડળી સારા સચાલન માટે નિયમો બનાવેલ છે

મંડળીઓ જયાર થી વહીવટ લેવાનું ચાલુ કર્યુ ત્યારથી એટલે કે ૨૦૦૭ થી ૨૦૧૪ સુઘી **૮૫,00000** લાખ રૂપિયા સિંચાઇના બીલ પેટે સિંચાઇ વિભાગને મંડળી ઓ મારફતે ૧૦૦ % ભરવામાં આવેલ છે

તથા મંડળીઓ મારફતે પાણી છોડતા પહેલા ૧૧ મંડળી માથી લોક ફાળો ૧૧૦૦૦ રૂપિયા ભેગો કરી **" જળ પુજન કાર્યક્રમ"** કરવામાં આવે છે જેમાં સિંચાઇ વિભાગના અધિકારીઓ પણ હાજર રહે છે અને નાયબ કાર્યપાલક ઇજનેર શ્રી હસ્તે ડેમના દરવાજો ખોલી પાણી છોડવામાં આવે છે આ દિવસે મંડળીઓ મારફતે મંડળીઓના કમીટીઓ ,આગેવાનો અને સરકાર શ્રીના અધિકારીઓ સાથે બેસીને સામુહિક ભોજન કરે છે" **આ દિવસ જળ પુજન દિવસ ઓળખે છે"** આ દિવસ દર વર્ષે સામુહિક ઉજવણી કરી પાણી કેનાલમાં છોડવામાં આવે છે

આમ, આ યોજનાના ખેડૂતો છેલ્લા સાત વર્ષથી સહભાગી સિંચાઇ વ્યવસ્થાના નૂતન અભિગમને સાર્થક કરતી કામગીરી કરી સાચા અર્થમાં વિકાસમાં સહભાગી બની રહયા છે.